**N Procure પરથી ગેટ ઓપરેટર (નહેરો ઉપરના દરવાજાઓને ચાલુ બંધ (ઓપરેટ) કરવાની તેમજ નહેરોની સુરક્ષા જાળવણી (સીક્યોરીટી) કરવાની અને સિંચાઇ વ્યવસ્થાપનની) સેવાઓ આઉટસોર્સિંગથી લેવા માટેની શરતો અને બોલીઓ**

(૧) કરાર અન્વયે પુરા પાડવામાં આવનાર ગેટ ઓપરેટરને સબંધિત કાયદા અને નિયમોની જોગવાઈ અનુસાર પ્રતિદિન ઠરાવેલ રકમથી ઓછું નહિ તે રીતે (મહિનાના કામકાજના દિવસોની ગણતરી મુજબ) તેમનું વેતન ચુકવવાની જવાબદારી સંપુર્ણપણે એજન્સીની રહેશે. મહિનાના છેલ્લા દિવસ પછીના દસ દિવસમાં અગાઉના મહિનાનું માસિક વેતન ગેટ ઓપરેટરને તેની ફરજ પરની હાજરી અનુસાર ચુકવવાની જવાબદારી એજન્સીની રહેશે. એજન્સીએ દર મહીને ૧૦ તારીખ સુધીમાં સબંધિત કચેરી તરફથી બિલના નાણાં મળ્યા હોય કે ન મળ્યા હોય તો પણ ગેટ ઓપરેટરએ કરેલ કામગીરી પ્રમાણે વેતન ચૂકવી આપવાનું રહેશે.

(૨) ગેટ ઓપરેટરોની કામગીરી અંગેનું બીલ જે તે મહિના પછીની ૫ તારીખ સુધીમાં એજન્સીએ રજુ કરવાનું રહેશે. બીલ સાથે ગેટ ઓપરેટરોની હાજરી અંગેની વિગતો અને પ્રમાણપત્રો રજુ કરવાની જવાબદારી એજન્સીની રહેશે. જે ગેટ ઓપરેટરોએ જેટલા દિવસ ફરજ બજાવી હશે તદ્દનુસાર સપ્રમાણમાં જ માસિક ચુકવણું કરાશે. જેમાં ચુક થયે/પ્રશ્ન ઉપસ્થિત થયે કોઈપણ જવાબદારી સક્ષમ સત્તા કચેરીની રહેશે નહિ.

(૩) સિકયુરીટી ડીપોઝીટની રકમ ફીકસ ડીપોઝીટ સ્વરૂપે ટેન્ડર સ્વિકાર થયે રજુ કરવાની રહેશે. કરારની મુદત પુર્ણ થયાથી કામગીરી સંતોષકારક જણાયે એજન્સીની સીકયોરીટી ડીપોઝીટની રકમ પરત ચુકવવામાં આવશે. સીક્યોરીટી ડીપોઝીટની રકમ ઉપર કોઈપણ પ્રકારનું વ્યાજ મળવાપાત્ર થશે નહિ.

(૪) ગેટ ઓપરેટરો અને સરકારશ્રી વચ્ચે નોકરી અને તેની આનુષાંગીક કોઈપણ બાબત જેવી કે માલિક અને નોકરના સબંધ અથવા તો અન્ય કોઈ કાયદાકીય જવાબદારી રહેશે નહિ. ઇન્ડસ્ટ્રીયલ ડિસ્પ્યુટ એકટ-૧૯૪૭ ની કલમ ૧૦(૧) મુજબ પુનઃસ્થાપનનો દાવો મુખ્ય માલિક (સબંધિત કચેરી સરકારશ્રી) સામે થઈ શકશે નહિ.

(૫) ગેટ ઓપરેટરોની નિમણુંક, રૂખસદ અથવા તો તેમની નોકરી અંગેની શરતો માટે એજન્સી સંપૂર્ણ પણે જવાબદાર રહેશે.

(૬) એજન્સી દ્વારા પુરા પાડવામાં આવનાર ગેટ ઓપરેટરોએ સબંધિત અધિકારીઓ/કર્મચારીઓ સાથે સહકારભર્યુ વર્તન રાખવાનું રહેશે.

(૭) ગેટ ઓપરેટરોનો ગૃપ/પર્સનલ એકસીડન્ટ પોલીસી હેઠળ જરૂરી વીમો ઉતારવાની જવાબદારી એજન્સીની રહેશે.

(૮) એજન્સી દ્વારા પુરા પાડવામાં આવનાર ગેટ ઓપરેટરો દ્વારા તેમની અણઆવડત, બેદરકારી કે હેતુપૂર્વક તથા અન્ય કોઈપણ કારણસર પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સરકારી રેકર્ડ કે અધિકારી કર્મચારીઓની વસ્તુને થયેલ નુકશાન કે સરકારને ભોગવવાનું થતુ તમામ નુકશાન એજન્સી ભરપાઈ કરવા બંધાયેલ છે.

(૯) દરેક ગેટ ઓપરેટરની હીસ્ટ્રીશીટ, બાયોડેટા, વ્યક્તિગત પોલીસ તપાસનો અહેવાલ તેમજ સંલગ્ન તમામ બાબતો એજન્સી દ્વારા સંપુર્ણ પણે ખરાઈ કર્યા બાદ જ એજન્સીએ ગેટ ઓપરેટર તરીકે કેનાલ ચોકીઓ પર હાજર કરશે.

(૧૦) ગેટ ઓપરેટરોને પ્રવર્તમાન નિયમોનુસાર રજાઓની છુટ-છાટ આપવાની સંપૂર્ણ જવાબદારી એજન્સીની રહેશે. બીડમાં દર્શાવેલ કુલ માનવ દિવસોની હાજરી અનિવાર્ય છે. સંબંધિત કેનાલની શાખાઓ/ચોકીઓ ઉપર ફાળવેલ ગેટ ઓપરેટરની અનુપલબ્ધિમાં તેની જગ્યા ઉપર તાત્કાલીક તે જ દિવસે અને કચેરી સમયે અન્ય ગેટ ઓપરેટરની ગોઠવણી કરવા એજન્સી બંધાયેલ છે. તથા રીલીવરની વ્યવસ્થા એજન્સીએ કરવાની રહેશે.

(૧૧) ગેટ ઓપરેટરને સરકારી કામ અર્થે બહારગામ મોકલવામાં આવે તો તેનું ભાડા ભથ્થા એજન્સીએ ચુકવવાનું રહેશે.

(૧૨) ગેટ ઓપરેટરની રોજિંદી હાજરી, ચકાસણી, દેખરેખ, ગેટ ઓપરેટરની ગેરહાજરીમાં વૈકલ્પિક વ્યવસ્થા વગેરે કાર્ય માટે એજન્સી દ્વારા એક અધિકૃત પ્રતિનિધિ નીમવાનો રહેશે. તેઓએ ગેટ ઓપરેટરોને લગતી સઘળી વ્યવસ્થા એજન્સી તરીકે કરવાની રહેશે.

(૧૩) ગેટ ઓપરેટરો પુરા પાડવાની બાબત અંગેના તમામ કાયદાઓના પાલનની જવાબદારી એજન્સીની રહેશે અને તે માટે સક્ષમ સત્તા/કચેરી કોઈપણ સંજોગોમાં જવાબદાર રહેશે નહિ,

(૧૪) દરેક ગેટ ઓપરેટર તેમની ફરજ દરમયાન પાન-મસાલા અથવા બીડી સીગારેટ ઈત્યાદીનું સેવન કરી શકશે નહિ.

(૧૫) અનિયિમત, અશિસ્ત ધરાવનાર, અવ્યવહારૂ કે બદઈરાદો ધરાવનાર ગેટ ઓપરેટર અંગે એજન્સીને જાણ કરતાં એજન્સીએ તાત્કાલીક અન્ય ગેટ ઓપરેટર પુરા પાડવાના રહેશે.

(૧૬) કચેરીને ગેટ ઓપરેટરની સેવા નિશ્ચિત ધોરણ અનુસારની પ્રાપ્ત થતી ન લાગે તો જે તે દિવસની સપ્રમાણ ચૂકવણી દરના બે ટકાની કપાત પ્રથમ તબકકે કરાવવાની રહેશે તે માટે એજન્સીને જાણ કરાશે. જો સેવા ખામી વિશેષ દેખાય તો બે ટકા લેખે કપાત વધારતા જવાની રહેશે.

(૧૭) ફાળવેલ ગેટ ઓપરેટરની અનુપલબ્ધિમાં અન્ય ગેટ ઓપરેટરની તાત્કાલીક તે જ દિવસે અને કચેરી સમયે વૈકલ્પિક વ્યવથા ગોઠવવા એજન્સી બંધાયેલ રહેશે.

(૧૮) જો એજન્સી ગેટ ઓપરેટર પુરા પાડવામાં નિષ્ફળ જાય તો તેને સોપાયેલ કામ અન્ય એજન્સી પાસેથી કરાવી લેવામાં આવશે અને તેનો વધારાનો થતો ખર્ચ સહિત મૂળ એજન્સી પાસેથી વસુલ કરવામાં આવશે. આવી વૈકલ્પિક વ્યવસ્થા ગોઠવવાની પ્રાથમિક ફરજ એજન્સીની બને છે. તેમાં નિષ્ફળ જવાથી વૈકલ્પિક વ્યવસ્થા કચેરીએ કરવાની ફરજ પડેલ હોવાથી તે અંગેની જાણ મંજુરી મેળવવાની જવાબદારી કચેરીની બનતી નથી.

(૧૯) એજન્સીએ સરકારશ્રીના ધારાધોરણ મુજબ પી.એફ.ની રકમ સેવાકર્મીના પી.એફ.ખાતામાં તથા કામદાર રાજય વીમા અધિનિયમ-કામદાર વળતર અધિનિયમ નીચે વીમાની કપાયેલ રકમ સંબંધિત હેડે સરકારશ્રીમાં જમા કરાવવાની રહેશે અને બાકી રહેતી રકમનાં નાણાં ઈ-બેંકીગ/આર.ટી.જી.એસ. દ્વારા સીધા સેવા કર્મીના બેન્કના ખાતામાં જમા કરાવવાના રહેશે. નિયમોનુસાર જી.એસ.ટી.ની લાગુ પડતી રકમ સરકારશ્રીના સબંધિત વિભાગ/હેડે જમા કર્યાની યાદી તથા નિયમોનુસાર પ્રોફેશનલ ટેક્ષની લાગુ પડતી રકમ સેવા કર્મીના વેતનમાંથી કપાત કરવાની રહેશે અને બીજા મહિને આ તમામ રકમો બેન્કમાં જમા કર્યાની યાદી અને પી.એફ.માં જમા કર્યાની પહોંચ રજુ કર્યાથી બીજા મહિનાનું પેમેન્ટ ચુકવવામાં આવશે. આ રકમો જમા કર્યા સિવાય બીલ મંજુર કરવામાં નહી આવે.

(૨૦) આ કરાર બિન તબદીલીપાત્ર છે. પસંદગી પામનાર એજન્સી સંસ્થાને પોતાનો કોન્ટ્રાક્ટ કોઈ એજન્સી સેવાને પેટા કોન્ટ્રાક્ટ તરીકે આપી ટ્રાન્સફર કરી શકાશે નહી. જો તેમ કરવામાં આવશે તો તેમનો કોન્ટ્રાક્ટ આપોઆપ રદ થયેલ ગણવામાં આવી અને ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

(૨૧) એજન્સી નકકી થયે તેની કામગીરીની અમલવારીની તારીખથી સિંચાઇ વ્યવસ્થાપન દરમ્યાન અમલમાં રહેશે અને ત્યારબાદ પરસ્પર સંમિતથી વધુ સમય માટે કરાર લંબાવી શકાશે.

(૨૨) જો એજન્સી આ સેવા સંતુષ્ટ રીતે પૂરી પાડવામાં નિષ્ફળ નીવડે અને કચેરીને તેની સેવાઓથી અસંતોષ થાય તો એજન્સીની સીક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. અને તેની સેવાઓ સમાપ્ત કરવામાં આવશે, જે માટે તેને એક માસની લેખિત નોટીસ આપવામાં આવશે નહી.

(૨૩) આ ઉપરાંત આ કરારમાં કોઈપણ જોગવાઈ હોય તેમ છતાં કોઈપણ કારણ દર્શાવ્યા સિવાય સક્ષમ સત્તા/કચેરી એજન્સીને એક માસની નોટીસ આપીને કરારનો અંત લાવી શકશે. આ રીતે રદ થયેલ કરારના બાકીના સમયગાળાનું કોઈ વળતર આપવામાં આવશે નહી.

(૨૪) જો એજન્સી કરાર ચાલુ રાખવા ઈચ્છતી ન હોય તો તેણે ૩-માસની નોટીસ આપવી પડશે. તે પરિસ્થિતિમાં તેની સિકયોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

(૨૫) એજન્સીના માલિકના મૃત્યુના કિસ્સામાં કરાર સમાપ્ત થયેલો ગણાશે અને તેના કાયદેસરના વારસદારોને કોઈ હકક દાવો રહેશે નહી. આમ છતાં, એજન્સીના માલિકના કાયદેસરના વારસદારો કરારની બોલીઓ અને શરતો મુજબ નિયત ભાવોના ધોરણે જ આ કામગીરી ચાલુ રાખવા માગંતા હોય તો ત્રણ માસ સુધી આ કામગીરી ચાલુ રાખી શકાશે, દરમ્યાનમાં નવી એજન્સી નકકી કરવાની પ્રક્રિયા કરવાની રહેશે.

(૨૬) એજન્સીએ દરેક ગેટ ઓપરેટરને બીનકુશળ અને કુશળ શ્રમયોગી તરીકે ગણી શ્રમ આયુકતશ્રીના તા.૦૧/૦૪/૨૦૨૬ ના પરીપત્રથી નકકી થયેલ ઝોન-૨ મુજબનું દૈનિક ભથ્થા તથા તે ઉપરનું ખાસ ભથ્થુ શ્રમયોગીને આપવા પાત્ર થતા અન્ય લાભો (જેવા કે પ્રોવિડંટ ફંડ, કામદાર વીમા યોજના, બોનસ વિગેરે) ગણી બીડમાં દર્શાવેલ કુલ દિવસો લેખે ગણતરી કરી જે રકમ આવે તેટલી રકમ પ્રતિ માસ લઘુત્તમ વેતન તરીકે એજન્સીએ જે તે માસ પછીના માસની ૧૦મી તારીખ સુધીમાં સીધા બેન્ક ખાતામાં ચૂકવણું કરવાનું રહેશે. તથા ચુકવણું કર્યા અંગેના આધારપુરાવા (જેવા કે પ્રોવિડંટ ફંડ, કામદાર વીમા યોજના, બોનસ વગેરે) સાથે સબંધિત કચેરીમાં બિલ રજૂ કરવાનું રહેશે. આ ઉપરાંત અન્ય કોઈ જી.એસ.ટી. ટેક્ષ વેરા ભરવાના થતા હોય તો તે એજન્સીએ પોતે ભરવાના રહેશે.

**(૨૭) સબંધિત કોન્ટ્રાક્ટર/આઉટસોર્સીંગ એજન્સીએ લાગુ પડતા પ્રોવિડન્ડ ફંડ અને પરચુરણ જોગવાઇઓનો અધિનિયમ, ૧૯૫૨ હેઠળ નોંધણી કરાવેલ હોવી જોઇએ.**

**(૨૮) જે વિસ્તાર કામદાર રાજ્ય વિમા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ આવરી લેવાયેલ હોય તેવા વિસ્તારોમાં સબંધિત કોન્ટ્રાક્ટ/આઉટસોર્સીંગ એજન્સીએ કામદાર રાજ્ય વિમા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ નોંધણી કરાવેલ હોવો જોઈએ.**

**(૨૯) કોન્ટ્રાક્ટ મજુર (નિયમન અને નાબુદી) અધિનિયમ, ૧૯૭૦ હેઠળ ૫૦ થી વધુ શ્રમયોગી કામે રાખનાર મુખ્ય માલિક/આઉટસોર્સથી પુરા પાડનાર સબંધિત કોન્ટ્રાક્ટ/આઉટસોર્સીંગ એજન્સીએ રજીસ્ટ્રેશન તથા લાયસન્સ મેળવેલ**

**હોવા જોઇએ. અને લાગુ પડતા હોય તેવા કિસ્સામાં ગત વર્ષનું રીટર્ન (Consolidated Annual Return-CAR) ભરેલું હોવુ જોઇએ.**

**(૩૦) સબંધિત કોન્ટ્રાક્ટર/આઉટસોર્સીંગ એજન્સીના અન્ય ચાલુ કામોમાં કામે રાખેલ શ્રમયોગીઓ/કર્મચારીઓના કિસ્સામાં EPF/ESI નો ફાળો નિયમિત ભરતા હોવા જોઇએ. અને તેની ખાત્રી કરવા માટે EFP Portal નો ઉતારો રજુ કરવાનો રહેશે.**

(૩૧) શ્રમ આયુકતશ્રી તરફથી ભવિષ્યમાં વેતન કે ભથ્થામાં કોઈ વધારો/ઘટાડો થાય તો તે મુજબ ચૂકવણું કરવા એજન્સી બંધાયેલી રહેશે તથા તે મુજબ બિલ રજૂ કરવાનું રહેશે.

(૩૨) કાર્યપાલક ઇજનેરશ્રી, નડીયાદ સિંચાઇ વિભાગ, નડીયાદને બીલની ચૂકવણી અટકાવી શકવાનો કે ઈજારાની કોઈપણ શરતના ભંગ બદલ એજન્સી પાસેથી દંડની રકમ વસુલ કરવાનો હકક અબાધિત રહેશે.

(૩૩) એજન્સીએ દિવાળીનો તહેવાર હોય તે માસનો પગાર એડવાન્સ ચુકવવાનો રહેશે.

(૩૪) કચેરી દ્વારા માંગવામાં આવતી લાયકાતના ધોરણો મુજબના ગેટ ઓપરેટર એજન્સીએ તુરંત ફાળવવાના રહેશે. ફરજ ઉપર મોકલવામાં આવતા ગેટ ઓપરેટરોની લાયકાત ઉપરાંત કામની જાણકારીને પ્રાધ્યાન્ય આપવાનું રહેશે. સામાન્ય સંજોગોમાં કચેરીના વડા સૂચવે તે ગેટ ઓપરેટરની એજન્સીએ નિમણુંક કરવાની રહેશે.

(૩૫) અકસ્માતના સંજોગોમાં તમામ પ્રકારના વળતરની જવાબદારી એજન્સીની રહેશે તથા તેને સંલગ્ન કોર્ટ / કચેરી ખર્ચ પણ એજન્સીએ ભોગવવાનો રહેશે.

(૩૬) ગેટ ઓપરેટરોને જરૂરી તાલીમ આપી પ્રશિક્ષિત કરાવવાની જવાબદારી એજન્સીની રહેશે. સરકારી કામમાં બેદરકારી દાખવનાર શિસ્ત વિરૂધ્ધનું આચરણ કરનાર કે બિનઅનુભવી ગેટ ઓપરેટરોને જે તે કચેરીના વડા પરત મોકલી આપશે. તેમના બદલામાં એજન્સીએ તુરંત બીજા ગેટ ઓપરેટરોની સેવા આપવાની રહેશે.

(૩૭) ગેટ ઓપરેટર સગીર વયના અશકત, ઉંમર લાયક, અપંગ કે ચેપી રોગવાળા ના હોય તેની ખાતરી કરી સશકત ગેટ ઓપરેટર મુકવાના રહેશે.

(૩૮) સરકારશ્રી દ્વારા ગ્રાન્ટ ઉપલબ્ધ થયેથી બીલોનું ચકવણું કરવામાં આવશે. આ અંગે એજન્સી દ્વારા કોઈ ફરિયાદ/તકરાર અને કાનૂની કાર્યવાહી કરવામાં આવશે તો તે માન્ય ગણાશે નહી.

(૩૯) એજન્સી દ્વારા કામગીરી માટે સોંપવામાં આવેલા માણસો સરકારશ્રીમાં નોકરી મેળવવાની કાયમી થવાનો હક્ક દાવો કરી શકશે નહી. તેમજ આ અંગે લેખિત બાંહેધરી વ્યક્તિદીઠ આપવાની રહેશે.

(૪૦) એજન્સી પાણીના સ્તરની નોંધણી અંગેનું રજીસ્ટર નિભાવવાનું રહેશે. તેમજ સદર માહિતી ફોન દ્વારા આપવાની રહેશે.

(૪૧) સ્ટ્રક્ચરની ઉપરવાસ / હેઠવાસની ૧૦૦ મી. લંબાઇમાં નહેરની કી લેવલ તથા ડોવેલ પર ઉગેલ આંકડા, ગાંડા બાવળ તથા અન્ય બિનજરૂરી વનસ્પતિ દુર કરવાની રહેશે. અને આ માટે ઇજારદારે જરૂરી સાધનસામગ્રીની વ્યવસ્થા કરવાની રહેશે.

(૪૨) નહેર માળખા સાથે સંકળાયેલ મેઈન કેનાલ, ડીસ્ટ્રીબ્યુટરી, માઈનોર, સબમાઈનોર, અન્ડરગ્રાઉન્ડ પાઈપ લાઈન સિંચાઈના કુવા (વેલ) સાયફન, સ્ટ્રકચરો, એચ.આર. ગેટ, સી.આર. ગેટ તમામ આઉટલેટ, એસ્કેપ ઈનલેટ વિગરે તમામ ગેટ તથા અન્ય તમામ સંલગ્ન સ્ટ્રક્ચરોમાં જમા થતા ઝાડી, ઝાંખરા લીલ, પત્થરો, તણાઈ આવતા

મરેલા/જીવતા તમામ ઢોર, પ્રાણીઓ, તથા અન્ય કેનાલને નુકશાનકર્તા પદાર્થોને વખતો વખત દૂર કરવાના તથા એન્જીનીયર ઈન્ચાર્જ ધ્વારા સુચવવામાં આવતી યોગ્ય જગાએ ઈજારદારશ્રીના સંપુર્ણ ખર્ચે ઈજારદારશ્રીના સાધનો/માણસોથી જ તમામ વ્યવસ્થા કેનાલ માળખાને તથા આસપાસના ગ્રામજનો / ખેડુતોને અડચણરૂપ ન બને તે રીતે કરવાની રહેશે.

(૪૩) આ કામગીરી રાત્રી દરમ્યાન પણ કરવાની થતી હોય, દરવાજાની યાંત્રિક કામગીરી હોઇ, સાવચેતી રાખવાની રહેશે તથા નહેરોમાં નોંધપાત્ર પાણી ઉંડાઇ હોઇ, અકસ્માત ન થાય તેની પણ તકેદારી ઇજારદારોએ રાખવાની રહેશે.

(૪૪) સદર કામગીરીમાં વિસંગતતા ઉભી થવાના કિસ્સામાં કાર્યપાલક ઈજનેરશ્રી, નડીયાદ સિંચાઇ વિભાગ, નડીયાદ દ્વારા લેવામાં આવનાર નિર્ણય આખરી રહેશે.

(૪૫) ઇજારદારશ્રીએ કાળી યાદી (બ્લેક લીસ્ટ) માં મુકવામાં આવેલ નથી તે અંગેનું નોટરાઇઝ પત્ર રજુ કરવાનું રહેશે.

(૪૬) સિંચાઇ વ્યવસ્થાપનની કામગીરી દરમ્યાન સ્થળ ઉપર તમામ પ્રકારના જીવન સુરક્ષા સંબંધિત સાધનો એજન્સી દ્વારા પૂરા પાડવાના રહેશે, અને તમામ ઓપરેટરોએ વોટરબોડીની નજીક તેમની ફરજો બજાવતી વખતે સલામતીના નિયમોના પાલન કરવાનું રહેશે જેની સલામતીના તમામ નિયમોના પાલનની જવાબદારી એજન્સીની રહેશે.

નાયબ કાર્યપાલક ઇનજેર
માતર સિંચાઇ પેટા વિભાગ
માતર

કાર્યપાલક ઇનજેર
નડીઆદ સિંચાઇ વિભાગ
નડીઆદ